નં.સ્મીમેર/આઉટ/નં.**૫૫૧**

તા.**૨૯/૦૪/૨૦૨૬**

પ્રતિ,

........................

........................

........................

**વિષય: સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે આવેલ IHBT વિભાગની પ્રિન્ટેડ બેગ ખરીદવા બાબત.**

**<u>કવોટેશનની સામાન્ય શરતો અને બોલીઓ</u>**

| | |
|---|---|
| ૧. | સદર પ્રિન્ટેડ બેગની ડીઝાઈન આ સાથે કવોટેશનમાં આમેજ કરેલ છે. વધુમાં સંસ્થા ધ્વારા સેમ્પલ/ડેમોની માંગણી થયેથી રજુ કરવાના રહેશે. |
| ૨. | પ્રિન્ટેડ બેગ,વિગેરેનો ગુજરાતી, અને અંગ્રેજી ભાષામાં ગ્રાફીકસ અને ડીઝાઈન સહિતનો ભાવ આ સાથે સામેલ ભાવપત્રકમાં જ જણાવવાનો રહેશે અને સંસ્થાની માંગેલ વિગત તથા સહી, સીકકા કરવાના રહેશે. |
| ૩. | આ સાથે સામેલ ભાવપત્રક સિવાયના અન્ય કાગળમાં ભાવો જણાવવા નહી. અન્ય કાગળમાં જણાવેલ ભાવ માન્ય રહેશે નહી. |
| ૪. | ઉપયોગી પ્રિન્ટેડ બેગની ખરીદવાના કામે રજુ કરવામાં આવતા ભાવમાં અન્ય તમામ પ્રકારના ખર્ચ, દર, વળતર, મહેનતાણા, કર, વેરા, લેવી, ડયુટી, મટીરીયલ, સાધનો, ઉપકરણો, ટ્રાન્સપોર્ટેશન વિ. સમાવિષ્ટ રહેશે. |
| ૫. | ઉપરોકત ઉપયોગી પ્રિન્ટેડ બેગ વિગેરે અત્રેની કચેરીએથી જણાવ્યા મુજબના સ્થળ ખાતે સ્વખર્ચે પહોંચતા કરવાના રહેશે. |
| ૬. | ઈજારદારે **(૧) વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન અને (૩) જી.એસ.ટી. સર્ટીફીકેટની સ્વપ્રમાણિત કરેલ હાર્ડકોપી તેમજ (૩) સદરહું ભાવપત્રકની મૂળ/નકલ સહી–સિકકા સહિત બંધ કવરમાં અચૂક રજૂ કરવાનાં રહેશે** અને કવર ઉપર કામનું વર્ણન, રેફરન્સ નંબર તેમજ ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખનો ઉલ્લેખ કરી સ્મીમેર, સુરતને નિર્ધારીત તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ મળેલ ભાવપત્રક/ઓફર સ્વીકારવામાં આવશે નહીં. તે અંગેનો અબાધિત હકક સ્મીમેર મેડીકલ કોલેજને જ રહેશે. |
| ૭. | ઈજારદારે જણાવેલ ભાવ ઓછામાં ઓછા ૧૨૦ દિવસની વેલીડીટી માટે આપવાના રહેશે. જે માન્ય ગણવામાં આવશે.અને કવોટેશન સક્ષમ સત્તા દ્વારા આ ભાવ મંજુર થયા બાદ ૧ (એક) વર્ષ માટે વેલીડ રહેશે. |
| ૮. | સુ.મ.ન.પા. જરૂર જણાયે શરતોમાં ફેરફાર કરી શકશે જે ઈજારદારને બંધન કર્તા રહેશે. |
| ૯. | સફળ ઈજારદાર તરફથી કવોટેશનમાં દર્શાવવામાં આવેલ જે સરનામા જણાવવામાં આવેલા છે તે સરનામામાં કોઈપણ ફેરફાર થાય તો તેની સ્મીમેર મેડીકલ કોલેજને સફળ ઈજારદારે તાત્કાલિક લેખિત જાણ કરવાની રહેશે. સફળ ઈજારદારે જણાવેલા તેમના સરનામા ઉપર જે કઈ પત્ર વ્યવહાર કરે તે કોઈપણ કારણસર |

| | |
|---|---|
| | પાછો આવે તો પણ તે તેને પહોચેલો ગણાશે. |
| ૧૦. | સફળ ઈજારદારે સીકયોરીટી ડિપોઝીટ પેટે ૫% પ્રમાણે રોકડા/બેંક ડીમાન્ડ ડ્રાફટ/બેંકર્સ ચેકથી દિન–૧૫ માં "કમિશનર, સુરત મહાનગરપાલિકા" નાં નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો બેંક ડીમાન્ડ ડ્રાફટ/બેંકર્સ ચેક સીકયોરીટી ડીપોઝીટ પેટે જમા કરાવાના રહેશે. કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહી. નિયત સમયમર્યાદામાં સીકયોરીટી ડિપોઝીટની રકમ ભરપાઈ કરવામાં આવશે નહી તો ૦.૦૬૫% પ્રમાણે પ્રતિ દિવસ મુજબ ડીલે પેનલ્ટી વસુલ કરવામાં આવશે.(એસ.ડી. ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ સુ.મ.ન.પા. ચુકવશે નહિ.) |
| ૧૧. | સફળ ઈજારદારને કામની સોંપણી થયેથી દિન–૧૫ માં સુ.મ.પા. ધ્વારા નિયત કરેલ ફોર્મેટમાં રૂા.૩૦૦/– અને રૂા.૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયનાં નોન જયુડીશીયલ સ્ટેમ્પ/ફ્રેન્કીંગ/ઈ–સ્ટેમ્પીંગ પેપર ઉપર અનુક્રમે કરારનામું અને અન્ડરટેકીંગ પોતાના ખર્ચે કરવાનું રહેશે. |
| ૧૨. | સુરત મહાનગરપાલિકા દ્વારા એકવાર મંજુર થયેલ ભાવો બાબતે ઈજારો મંજુર કર્યા બાદ પાછળથી કોઈપણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહી. |
| ૧૩. | શરતી ભાવપત્રકો રદ થવાને પાત્ર રહેશે. |
| ૧૪. | ઉકત ઈજારા અંગે કોઈ તર–તકરાર ચલાવવા દેવામાં આવશે નહી તેમ થતા તમામ વિવાદ સુરત કોર્ટની હકુમતને આધિન રહેશે. |
| ૧૫. | કામ અંગેના તકરારી મુદદામાં મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. |
| ૧૬. | કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકુળતા હશે તો અથવા અન્ય અનુકુળ દિવસે / સમયે કવોટેશનો ખોલવામાં આવશે. |
| ૧૭. | ભાવપત્રકમાં જણાવેલ તમામ આઈટમનો ભાવ ફરજીયાત આપવાનો રહેશે. જે પ્રમાણે સૌથી ઓછો ભાવો/ઓફર મંજુર/નામંજુર કરી, ખરીદ કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાને આધિન રહેશે. જે બાબતે કોઈપણ કારણો આપવામાં આવશે નહી. |
| ૧૮. | જી.એસ.ટી.ની રકમ સિવાયનું અન્ય કોઈ ચુકવણું ઈજારદારને અલગથી કરવામાં આવશે નહી.જે તે સમયે અમલમાં હોય તે દરે જી.એસ.ટી.ની રકમનું ઈજારદારને અલગથી ચુકવણું કરવામાં આવશે. |
| ૧૯. | કેન્દ્ર/રાજય સરકારશ્રી તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ધ્વારા વસુલ લેવા જોગ લાગત કરવેરા વિગેરે કપાત કરી, બીલની ચુકવણી કરવામાં આવશે. |

**(સહી/-)**
ડીન
સ્મીમેર મેડીકલ કોલેજ

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે. સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.
ઈજારદારની સહી :
તારીખ :
સ્થળ :

**મોકલવા માટેનું સરનામુ :**

ડીનશ્રી,

"ડી" બ્લોક, વહીવટી કચેરી,

સ્મીમેર મેડીકલ કોલેજ, ઉમરવાડા, સુરત–૩૯૫૦૧૦

**બંધ કવર ઉપર દર્શાવવુ (ફરજીયાતપણે) :**

IHBT વિભાગની પ્રિન્ટેડ બેગની ખરીદી માટેનું કવોટેશન (૨૦૨૬)

ઉપરોકત જણાવેલ કામે ઉપરોકત સરનામા પરથી અથવા સુ.મ.પા.ની વેબસાઈટ : https://www.suratmunicipal.gov.in પરથી ડાઉનલોડ કરી રજુ સમય મર્યાદામાં કવોટેશનમાં દર્શાવેલ તમામ શરતો મુજબ કવોટેશન બંધ કવરમાં ઉકત દર્શાવેલ સરનામે રજુ કરવાનું રહેશે. પ્રિન્ટેડ બેગની ડીઝાઈન પાના નં.૫ અને ૬ ઉપર છે.

**તમામ માહિતીઓ માટે નીચે મુજબનાં નંબરો તેમજ ઈ–મેઈલ ઉપર ઓફીસ સમય દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.**

ફોન નં. (+91-261) 2368040 to 2368044 / EXT-2145

e-mail : smimercollege@suratmunicipal.org

નીચે દર્શાવેલ પ્રિન્ટેડ બેગ વિગેરે સપ્લાય કરવામાં રસ ધરાવનારે પોતાના ભાવપત્રકો બંધ કવરમાં ઉપરોકત વિગતો મુજબ તા.**૦૧/૦૫/૨૦૨૬** થી તા.**૧૧/૦૫/૨૦૨૬** સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

**કામનું નામ :** સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે આવેલ IHBT વિભાગની પ્રિન્ટેડ બેગ અમો નીચે સહી કરનાર પૂરા પાડવા માંગીએ છીએ. જે અંગેના નીતિ–નિયમો, શરતો વિગેરે અમે વાંચ્યું છે. જે અમોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે. ઉકત કામ રાખવા માટેની અમારી ઓફર નીચે મુજબ છે.

સંસ્થાનું નામ : ..........................................................................................


સરનામુ : ..........................................................................................

GST No : ........................................ મોબાઈલ નં. : ..............................

| Sr. No. | Item Description | Basic Rate (Per piece/per bag) | GST Amount | Total (3+4) | Required Qty. | Grand Total Amount (5*6) |
|---|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** |
| 1. | D-Cut, Non-woven Bag for carry blood from Blood centre (Blood Slogan with Print) Size:250 mm x 350 mm | | | | 9,500 | |
| 2. | Non-woven Box Bag for Donor (Blood Slogan with Print) (Bag Box Size:250 mm x 350mm x125 mm) | | | | 6,000 | |

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે. સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.
ઈજારદારની સહી :
તારીખ :
સ્થળ :

**Sr. No.1** D-Cut, Non-woven Bag for carry blood from Blood centre (250 mm x 350 mm)



**Sr. No.2** Non-woven Box Bag for Donor (Bag Box Size: 250 mm x 350mm x125 mm)

